ગાંધીનગર સમાચાર

# પેશાવર હુમલાનો માસ્ટર માઈન્ડ સદ્દામ ઠાર

પેશાવર,તા. ૨૬

પેશાવરની આર્મી સ્કુલમાં ભીષણ આતંકવાદી હુમલો કરનાર



કુખ્યાત તાલિબાન કમાન્ડર સુરક્ષાદળો સાથેની અથડામણમાં ઠાર થયો છે. આ હુમલામાં ૧૫૦થી વધુ લોકોના મોત થયા હતા. જે પૈકી મોટાભાગના સ્કુલી બાળકો હતા. આ આતંકવાદી સદ્દામ તરીકે ઓળખાયો છે. આદિવાસી અને હિંસક ખેબર વિસ્તારમાં સુરક્ષાદળો સાથે અથડામણ થઈ હતી. ઠાર થયેલ ત્રાસવાદી પાસેથી મોટી સંખ્યામાં હથિયારો કબ્જે કરવામાં આવ્યા છે. ગયા સપ્તાહમાં પેશાવરની એક સ્કુલમાં હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, કમાન્ડર સદ્દામ કુખ્યાત ત્રાસવાદી પૈકીનો એક હતો. તે અથડામણમાં માર્યો ગયો છે. આ હુમલામાં તેના છ સાગરિતોને પકડી પડાયા છે. આ લોકો ઘાયલ પણ થયા છે. સ્કુલમાં હુમલાને અંજામ આપવામાં તે મુખ્ય અપરાધી તરીકે હતો. સત્તાવાળાઓ દ્વારા ઝડપી પાડવામાં આવેલા ઘાયલ આતંકવાદીઓની પૂછપરછ જારી રાખી છે. સદ્દામ પાકિસ્તાન તાલિબાન અથવા તો તહરીક એ તાલિબાનમાં મોટા કમાન્ડર તરીકે હતો. અનેક બોંબ હુમલામાં તે માસ્ટરમાઈન્ડ હતો. સુરક્ષાદળોને ટાર્ગેટ બનાવી હાલના દિવસોમાં કરવામાં આવેલા હુમલામાં તેની મુખ્ય ભૂમિકા હતી.

તાલિબાન અને અન્ય ત્રાસવાદીઓ ઉત્તરીય વજિરીસ્તાનમાં આશરો લઈ રહ્યા



છે. આ વિસ્તાર અફઘાન સરહદ ઉપર સ્થિત છે. દરમિયાન ઉત્તરીય વજિરીસ્તાનમાં તાલિબાન અડ્ડા ઉપર અમેરિકી ડ્રોન હુમલો કરવામાં આવ્યો છે જેમાં આજે ઓછામાં ઓછા ૭ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ૨૦મી ડિસેમ્બરે પણ એક ડ્રોન હુમલો કરાયો હતો. જેમાં ૫ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા.

## પાકિસ્તાન ૭૦૦૦થી વધુ ત્રાસવાદીની ધરપકડ કરશે

પેશાવર,તા. ૨૬

પાકિસ્તાન સરકારે પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે સાંઠગાંઠ ધરાવનાર ૭ હજારથી પણ વધુ ત્રાસવાદીઓને સકંજામાં લેવામાં આવશે. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે, તેમને કસ્ટડીમાં લેવાની કવાયત શરૂ થઈ છે. ગૃહમંત્રાલય દ્વારા તમામ ચાર પ્રાંતોમાં આદેશ જારી કરાયા છે. સાત હજાર લોકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ વધુ કાર્યવાહી કરવામાં આવશે. ખેબરમાંથી સૌથી વધુ સંખ્યામાં બળવાખોરોને પકડી પાડવામાં આવશે. પેશાવરમાં ગયા સપ્તાહમાં જ ભીષણ આતંકવાદી હુમલો કરાયો હતો જેમાં મોટાભાગના સ્કુલી બાળકો સહિત ૧૫૦થી વધુના મોત થયા હતા. ગૃહમંત્રાલયની યાદી મુજબ સાત હજાર શકમંદ ત્રાસવાદીઓ પૈકી ૪ હજાર ખેબરમાંથી છે. જ્યારે એક હજાર સિંદમાંથી છે. ૩૩૮ બલુચિસ્તાનમાંથી છે. ૪૧૬ પંજાબમાંથી છે અને ૨૩ ઈસ્લામાબાદમાંથી છે. આ તમામ ત્રાસવાદીઓની આગામી ૨૪ કલાકમાં પકડી પાડવામાં આવશે અને ત્રાસવાદીઓની ગતિવિધિ ઉપર બ્રેક મુકાશે. પાકિસ્તાનના ઘણા એવા વિસ્તાર છે જ્યાં મોટા પ્રમાણમાં આતંકવાદી કેમ્પ ચાલી રહ્યા છે. સાથે-સાથે આ કેમ્પમાં ત્રાસવાદી ગતિવિધિ માટે તાલીમ આપવામાં આવી રહી છે.મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ જાકીર ઉર રહેમાન લખવીને તાજેતરમાં જ જામીન આપવામાં આવ્યા બાદ ભારતે જોરદાર નારાજગી વ્યક્ત કરતા પાકિસ્તાન સરકારે ઝુકી જઈને નવા કાયદા હેઠળ તેની તરત જ ધરપકડ કરી હતી. જોકે જાકીર ઉર જેવા ઘણા ત્રાસવાદી પાકિસ્તાનમાં સક્રિય હોવાનો દાવો મીડિયામાં થતો રહ્યો છે. હાફિજ સઈદ વારંવાર ભારત સામે આક્ષેપો કરતા નજરે પડે છે. જેથી ભારતમાં લોકોમાં પણ નારાજગી છે.

## આઈપીએસમાં સમાવેશ માટે વય વધારવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્ર સરકારે આઈએએસ અને આઈપીએસ અધિકારીઓમાં સ્ટેટ સર્વિસ ઓફિસરોના સમાવેશ માટે ૫૪ વર્ષની વય મર્યાદાને વધારવા માટે રાજ્ય સરકારો પાસેથી અભિપ્રાય મેળવવામાં આવ્યા છે. હાલમાં ત્રણેય સર્વિસ ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (આઈએએસ), ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ) અને ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસમાં સમાવેશ માટે મહત્તમ વય મર્યાદા હાલમાં ૫૪ વર્ષ છે. રાજ્ય સર્વિસ ઓફિસરના કેટલાક અધિકારીઓએ ૫૪ વર્ષની મહત્તમ વય મર્યાદાને પડકાર ફેંકીને અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે પણ આમાં વિચારણા કરી હતી. સુપ્રીમમાં એવી રજુઆત કરવામાં આવી હતી કે,વયને વધારવામાં આવે તે જરૂરી છે. કારણકે, કેન્દ્ર સરકારમાં નિવૃત્તિ વય વધારીને ૬૦ વર્ષ કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટે ૭મી ઓગસ્ટના દિવસે આદેશ જારી કર્યો હતો. જેમાં જણાવાયું હતું કે, તમામ અરજીદારોને કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવાનો અધિકાર રહેલો છે. અંતિમ અભિપ્રાય લેવામાં આવ્યા બાદ યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે. આઈએએસ અને આઈપીએસમાં રાજ્ય સર્વિસ ઓફિસરોના સમાવેશની ગતિવિધિ શરૂ થઈ ચુકી છે. આઈપીએસ, આઈએએસમાં સર્વિસ ઓફિસરોના સમાવેશ માટેની વયને વધારવાની હિલચાલને લઈને છેલ્લા ઘણા સમયથી તર્ક વિતર્ક ચાલી રહ્યા છે. પરંતુ હવે આ અંગે નિર્ણય કરવામાં આવશે.

## ઝારખંડના નવા મુખ્યમંત્રી તરીકે રઘુવરદાસ

રાંચી,તા. ૨૬

ઝારખંડમાં રઘુવરદાસ પ્રથમ બિનઆદિવાસી મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. રઘુવરદાસ આજે ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચુંટાઈ આવ્યા હતા. પુર્વીય જમશેદપુરમાંથી પાંચ વખતના ધારાસભ્ય દાસ ઝારખંડના ૧૦માં મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. પક્ષ દ્વારા આની જાહેરાત કરવામાં આવશે. રઘુવરદાસ ૨૮મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકે શપથ લે તેવી શક્યતા છે. આ સંદર્ભમાં ભાજપના કાર્યકરોમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. વડાપ્રધાન મોદી પણ શપથવિધીમાં હાજરી આપે તેવી શક્યતા છે. પક્ષ દ્વારા નિર્ણય લેવામાં આવ્યા બાદ દાસે આ તક આપવા બદલ લોકોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, ઝારખંડમાં વિકાસ અને ગુડ ગવર્નન્સને તેઓ સર્વોચ્ચ પ્રાથમિક્તા આપશે. ભાજપ રાજ્યપાલ સાથે વાતચીત કર્યા બાદ સરકાર રચવાનો દાવો કરશે. ઝારખંડમાં પ્રથમ વખત



ટોપ હોદ્દા માટે બિનઆદિવાસીની પસંદગી કરાઈ છે. હજુ સુધી આદિવાસી સમુદાયમાંથી જ મુખ્યમંત્રી બન્યા હતા. ભૂતકાળમાં ભાજપે પણ બે આદિવાસીઓને મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપી હતી. જેમાં બાબુલાલ મારંડી અને અર્જુન મુંડાનો સમાવેશ થાય છે. જેએમએમના નેતાઓ સીબુ સોરેન, હેમંત સોરેન, મધુ કૌડા પણ આદિવાસી નેતાઓ રહ્યા છે જે ૧૪ વર્ષ અગાઉ રાજ્યની રચના થયા બાદથી મુખ્યમંત્રી રહી ચુક્યા છે.

ભાજપ વિધાનસભા પક્ષની બેઠક આજે સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. બે નિરીક્ષકો ઉપરાંત ભાજપના ટોચના નેતાઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. જેમાં જેપી નડ્ડાનો સમાવેશ થાય છે. ઝારખંડ માટેના ભાજપ ઈન્ચાર્જ ત્રિવેન્દ્રસિંહ રાવત પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય એકમના પ્રમુખ રવિન્દ્ર રાય અને પૂર્વ મુખ્યમંત્રી અર્જુન મુંડા પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. સર્યુ રોય પણ મુખ્યમંત્રી પદના દાવેદાર હતા પરંતુ રઘુવર દાસની પસંદગી કરવામાં આવી હતી. રઘુવર દાસની પસંદગી કરવામાં આવ્યા બાદ તેમના સમર્થકોએ જોરદાર ઉજવણ કરી હતી.

## પહેલીથી માર્કેટ કિંમતમાં જ એલપીજી ગેસ મળશે

નવી દિલ્હી, તા.૨૬

પહેલી જાન્યુઆરીથી દેશભરમાં એલપીજી ગ્રાહકોને માર્કેટ કિંમતે ગેસ સિલિન્ડરની ખરીદી કરવી પડશે. જ્યારે સબ્સિડી માટેની રકમ બેંક ખાતામાં જમા કરવામાંઆવશે. એક વર્ષમાં ૧૨ સિલિન્ડરો માટેની માર્કેટ કિંમત તેમના બેંક ખાતામાં જમા થશે. એલપીજી માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાંસફર સ્કિમમાં સુધારો કરવામાં આવી ચુક્યો છે. જેના ભાગરૂપે રોકડ સબ્સિડી મેળવવા માટે આધાર જરૂરી રહેશે પરંતુ આની જરૂરીયાતને હાલ પુરતી મોકુફ કરાઈ છે. આધાર હવે વૈકલ્પિક છે પરંતુ ગ્રાહકોને એલપીજી કનેક્શન નંબર સાથે સંબંધિત બેંક એકાઉન્ટ આપવું પડશે. દેશભરમાં પહેલી જાન્યુઆરીથી આ સ્કિમ લંબાવવામાં આવશે. સબ્સિડી બિલમાં આના લીધે ૧૦થી ૧૫ ટકાની બચત થશે.

## સોમનાથ ભારતી વિરુદ્ધ આદેશને અંતે ફગાવાયો

નવી દિલ્હી,તા. ૨૬

એએપીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ કાયદા પ્રધાન સોમનાથ ભારતીને મોટી રાહત મળે તેવા એક ઘટનાક્રમમાં હાઈકોર્ટે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના આદેશને ફગાવી દીધો હતો. જેમાં ૧૨ આફ્રિકન મહિલાઓ સામેના કેસમાં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. અડધી રાત્રે પાડવામાં આવેલા દરોડા દરમિયાન આફ્રિકન મહિલાઓ સામે વંશીય આક્ષેપો કરવાનો તેમના પર આક્ષેપ કરાયો હતો. દિલ્હીના ભૂતપૂર્વ કાયદા પ્રધાને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના ૨૯મી સપ્ટેમ્બરના આદેશને પડકાર ફેંકીને દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ૧૨ આફ્રિકન મહિલાઓ સામે ગેરકાયદે કૃત્યોનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ભારતીના વકિલે ભારપૂર્વક કહ્યું હતું કે, તમામ બાબતો ઘડી કાઢવામાં આવી હતી. રાજકીય કારણોસર દિલ્હી પોલીસે તેમની સામે બિનજરૂરી આક્ષેપો કર્યા હતા. સોમનાથ ભારતી દ્વારા પોલીસને સાથે રાખીને દરોડા પાડવામાં આવ્યા બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો.

ભારતીના વકિલે એમપણ કહ્યું હતું કે, દિલ્હી પોલીસે તેમના વતન દેશમાં આફ્રિકન મહિલાને મોકલી દીધી છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની કામગીરી ગેરકાયદે છે. કારણકે, એકપણ સ્વતંત્ર સાક્ષીને કમિશન સમક્ષ રજુ કરી શકાયા નથી. સોમનાથ ભારતીના વકીલે તર્કદાર દલીલો કરી હતી. અગાઉ સોમનાથ ભારતીની તકલીફ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવતા વધી ગઈ હતી.

## વિનાશક ભૂકંપ- સુનામીની યાદ ફરી એકવાર તાજી થઈ

**ઇન્ડોનેશિયાથી લઇને ભારત સુધી ૧૪ દેશોને માઠી અસર થઇ હતી : ૨૩૦૦૦૦ લોકોના મોત થયા, ભારે નુકસાન**

જાકાર્તા,તા. ૨૬

વિનાશકારી ભૂંકપ અને સુનામીની યાદ આજે ફરી તાજી થઇ ગઇ હતી. દસ વર્ષ અગાઉ એટલે કે ૨૬મી ડિસેમ્બર ૨૦૦૪ના દિવસે ઈન્ડોનેશિયામાં વિનાશક ધરતીકંપ બાદ સુનામી ત્રાટકતા લાખો લોકોના મોત થઈ ગયા હતા. ડઝનથી વધારે દેશો તેના સકંજામાં આવી ગયા હતા. દરિયાઈ મોજા ઉછળ્યા હતા. જેમાં અનેક વિસ્તારોનો સફાયો થઈ ગયો હતો. ચારે બાજુ વિનાશ લીલા જોવા મળી હતી. વિશ્વમાં આજે વિનાશકારી સુનામી અને ધરતીકંપની ૧૦મી વરસીના દિવસે આની યાદ તાજી થઈ ગઈ હતી. ઈન્ડોનેશિયાથી લઈન ભારત અને આફ્રિકાના પૂર્વ દરિયા કાંઠાના વિસ્તાર સુધી આના કારણે મુશ્કેલી સર્જાઈ હતી. ૧૪ દેશો સુનામીના સકંજામાં આવી ગયા હતા. કુલ ૨૩૦૦૦૦ લોકોના મોત થઈ ગયા હતા. સુનામીગ્રસ્ત દેશોમાં આજે વિવિધ અંજલિ કાર્યક્રમ યોજાયા હતા. ઈન્ડોનેશિયાના એચ પ્રાંતમાં ખાસ કાર્યક્રમ યોજાયા હતા. ઈન્ડોનેશિયાના આ પ્રાંતમાં સૌથી વધુ નુકસાન થયું હતુ અહી ૧૬૮૦૦૦ લોકોના મોત થઈ ગયા હતા. કુલ મોત પૈકી ત્રણ ચતુર્થાંશ લોકોના મોત અહીં થયા હતા. થાઈલેન્ડ અને શ્રીલંકા અને ભારતને પણ માઠી અસર થઈ હતી.ભારતમાં તમિળનાડુના મોટા ભાગના વિસ્તારો અસરગ્રસ્ત થયા હતા. તાઈલેન્ડ, માલદીવ, સોમાલિયા અને ઈન્ડોનેશિયામાં ભારે નુકસાન થયું હતુ. મોટી સંખ્યામાં લોકો લાપતા પણ થઈ ગયા હતા. ભૂકંપ બાદ સુનામીના મોજા ઉછળ્યા હતા. સુનામી વેળા ૩૦ મીટર અથવા તો ૧૦૦ ફુટ ઉંચા મોજા ઉછળ્યા હતા. વિશ્વના ઈતિહાસમાં હજુ સુધીની સૌથી ખતરનાક કુદરતી હોનારત તરીકે આને ગણવામાં આવે છે. વિશ્વમાં સૌથી વિનાશકારી ભૂકંપની અસર આશરે ૧૦ મિનિટ સુધી રહી હતી. ૧૦ મિનિટ સુધી લોકો સતત ધ્રુજી ગયા હતા. જેના કારણે સમગ્ર પ્લાનેટ વાઈબ્રન્ટ થતા ભારે નુકસાન થયુંહતુ. એકંદરે વિશ્વભરના સમુદાયે આમાં ૧૪ અબજ ડોલરનુ દાન આપ્યું હતુ.

## નરેન્દ્ર મોદીનો સામનો કરવા મુલાયમની નવી વ્યુહરચના

લખનૌ,તા. ૨૬

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારનો સામનો કરવા માટે સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવે હવે નવી વ્યુહરચના તૈયાર કરી લીધી છે. પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટેના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છઠે. સમાજવાદી પાર્ટીના પ્રવકતા રાજેન્દ્ર ચોધરીએ માહિતી આપતા કહ્યું છે કે સમાજવાદી પાર્ટીના પ્રમુખના આદેશ પર સંગઠનને વધારે મજબુત કરવાના અને તેને વધુ અસરકારક બનાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આના માટે રાજ્યસભાના સભ્યોને ખાસ મોટી જવાબદારી સોંપવામાં આવી રહી છે. આ તમામ સાંસદો એક મહિનાની અંદર તેમના અહેવાલ અથવા તો રિપોર્ટ મુલાયમસિંહ યાદવને સોંપી દેશે. તેમણે કહ્યું હતું કે પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને રાજ્યસભાના સભ્ય રામ ગોપાલ યાદવને કાનપુરની જવાબદારી સોંપવામાં આવી છે. તેમને કાનપુરના પ્રભારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે કિરણમય નન્દાને આજમગઢ મંડળના પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત નરેશ અગ્રવાલને બરેલી, જયા બચ્ચનને વારાણસી, ચન્દ્રપાલસિંહ યાદવને ચિત્રકુટ મંડળના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. રવિ પ્રકાશ વર્માને દેવીપાટન મંડળની જવાબદારી સોંપવામાં આવી છે. જવાબદારોને વધુ જવાબદારી સોંપવામાં આવી છે. આ તમામ સાંસદ પાર્ટીના સંગઠનને મજબુત કરવા માટે અને ઉત્તરપ્રદેશ સરકારની જન કલ્યાણની યોજના અંગે લોકોન માહિતી આપવા તમામ પ્રયાસ કરશે. પાર્ટીની ગતિવિધીમાં તેજી લાવવા માટેના પ્રયાસો પણ હાથ ધરવામાં આવનાર છે. આ સાંસદ સ્થાનિકે નેતાઓનો સંપર્ક કરશે. જો કે પાર્ટી અન્ય કેટલીક નીતિ પર પણ કામ કરશે.

## સંજય દત્તના ફરલો મામલે ફરીવાર તપાસનો હુકમ થયો

નવી દિલ્હી,તા. ૨૬

બોલીવુડ સ્ટાર સંજય દત્તને લઈને તકલીફો ઓછી થઈ રહી નથી. નવેસરના અહેવાલમાં દાવો કરાયો છે કે, મહારાષ્ટ્ર સરકાર સંજય દત્તને ફરલો



મંજુર કરવાના મામલામાં ઉંડી તપાસ કરશે. ૫૫ વર્ષીય સંજય દત્તને ૨૫મી ડિસેમ્બરના દિવસે ફરલો ઉપર મુક્ત કરવામાં આવ્યા બાદ ફરી એકવાર વિવાદ થયો છે. મહારાષ્ટ્રના પ્રધાન રામશિંદેએ કહ્યું છે કે, અભિનેતાને વારંવાર ફરલો મંજુર કરવામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. મુંબઈમાં સંજય દત્ત દેખાયા બાદ ફરી એકવાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. બીજીબાજુ અભિનેતાએ એમ કહ્યું હોવાનું જાણવા મળ્યુંછે કે, ફરલો દરેક કેદીનો અધિકાર છે અને તેને ફરલો મંજુર થવા જોઈએ. સંજય દત્તે એમપણ કહ્યું હોવાનું જાણવા મળ્યુ છે કે, ક્રિસમસનો સમય છે જેથી તે પરિવાર સાથે છે. ૪૨ મહિનાની જેલની સજા ભોગવી રહેલા સંજય દત્તને ૧૯૯૩ના મુંબઈ સીરિયલ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં ગેરકાયદે હથિયારો રાખવા બદલ સજા કરવામાં આવી હતી. અગાઉ પણ તે અનેક વખત પેરોલ ઉપર છુટી ચુક્યો છે. અગાઉની વારંવારની અરજીના પરિણામ સ્વરૂપે સંજય દત્તને લઈ વિવાદ થયો હતો. સત્તાવાળાઓએ પણ સંજય દત્તને વારંવાર રજા મંજુર કરવાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં ટ્યુશન કરી રહેલા શિક્ષિકો સામે બોર્ડની તપાસ થશે.
- સોમનાથમાં ૧૩ કરોડના ખર્ચે ઐતિહાસીક મ્યુઝિયમ થશે.
- સુરત સીવીલ હોસ્પિટલમાં નવજાત બાળકી કચરાપેટીમાં મળી આવી.
- હજીરા ઓ.એન.જીસીના પ્લાન્ટમાં દિપડો ઘુસી જતાં ઓઈલ-ગેસ પુરવઠો ખોરવાઈ જવાની દહેશત.
- સુરતમાં હીરાના વેપારીની કંપની ૭૦ કરોડમાં ઉઠી ગઈ.
- અમદાવાદમાં ખાનગી ટ્રાવેલ્સ બસના ભાડા ૨૦ ટકા ઘટયા.
- ગુજરાત સરકારના કર્મચારીઓ ઓફીસમાં સોશ્યલ મીડીયા કે મનોરંજન વેબ સાઈટનો ઉપયોગ કરી શકશે નહી.
- ફિલ્મ અભિનેતા સંજયદત્તનું જેલવાસ દરમ્યાન ૧૮ કિલો વજન ઘટયું.
- સ્ત્રીઓ પર તથા એસિડ હુમલાના આરોપીને ફાંસી સજા કરવા માટેની વિચારણા.
- બંન્ને પત્નીઓ હયાત હોય તો પેન્શન સરખા ભાગે આપવા મુંબઈ હાઈકોર્ટનો ચુકાદો.
- આમ આદમી પાર્ટીનું ૨૦ લાખનું ભંડોળ દિલ્હીમાં ચોરાઈ ગયું.
- વાઈબ્રન્ટમાં અમુલ-ઈઝરાયેલ સાથે કરાર થશે.
- બિહારના ભાગલપુરમાં વરરાજાએ દહેજમાં ૨૫૦ રોપાઓ રોપાવવાની માગણી કરી.
- પાંચ કીલોના રાંધણ ગેસના બાટલા કરિયાણાની દુકાન તથા પેટ્રોલ પંપથી મળશે.
- ૭૨ વર્ષના દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ જેકબ ઝુમ્મા વૃદ્ધાવસ્થામાં સહારા માટે પાંચમી પત્ની સાથે લગ્ન કરશે.

## ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસીટ ટાર્ગેટને હાંસલ કરાશે : સિંહા

નવી દિલ્હી,તા. ૨૬

કેન્દ્રીય નાણાં રાજ્ય પ્રધાન જયંતસિંહાએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, સરકાર વર્તમાન નાણાકીય વર્ષમાં જીડીપીના ૪.૧ ટકા સુધી ફિસ્કલ ડેફીસીટને રાખવા માટે કટિબદ્ધ છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમના ભાગરૂપે તેમણે કહ્યું હતું કે, ખર્ચમાં કાપ મુકવા સહિતના તમામ વિકલ્પો અમે ખુલ્લા રાખી રહ્યા છે. અમને વિશ્વાસ છે કે અમે વર્તમાન નાણાંકીય વર્ષમાં ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસીટના ટાર્ગેટને હાંસલ કરવામાં સફળ રહીશું. સંસદમાં તાજેતરમાં જ રજુ કરવામાં આવેલી મધ્યવર્ષીય આર્થિક સમીક્ષામાં તેમણે કહ્યું હતું કે, સરકાર વર્ષ ૨૦૧૫ માટે ફિસ્કલ ટાર્ગેટને પહોંચી વળવા માટે કટિબદ્ધ છે. સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫ માટે જીડીપીના ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસીટનું ટાર્ગેટ રાખવામાં આવ્યું છે જે અગાઉના વર્ષમાં ૪.૫ ટકાની સરખામણીમાં ઓછું છું. સરકાર વર્ષ ૨૦૧૬-૧૭ સુધી આને ઘટાડીને ૩ ટકા કરવાની યોજના ધરાવે છે. સરકાર ફિસ્કલ ડેફિસીટના ટાર્ગેટને વધુ હળવા કરવાના મૂડમાં છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા સિંહાએ કહ્યું હતું કે, પબ્લિક ઈન્વેસ્ટમેન્ટને સુધારવા માટે પગલા લેવામાં આવશે. તેમણે એમપણ કહ્યું હતું કે, જાહેર મૂડી રોકાણ માટે સંશાધનો ભેગા કરવાની અમને જરૂર છે. સરકાર ઓટો કંપનીઓ માટે એક્સાઈઝ ડ્યુટી છુટછાટ લંબાવવા ઉપર પણ વિચારણા કરી રહી છે. ૩૧મી ડિસેમ્બર બાદ પણ આને લંબાવવામાં આવશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા પ્રધાને કહ્યું હતું કે,ઓટો સેક્ટર માટે આ મુદ્દો ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ મામલો સક્રિય વિચારણા હેઠળ પણ છે. નાણાં મંત્રી અરુણ જેટલી ૩૧મી ડિસેમ્બર સુધી આની રાહ જોવા માટે ઈચ્છુક છે.અત્રે ઉલ્લેખનીય છે કે, જીડીપીના ૪.૧ ટકાના ફિસ્કલ ડેફિસીટના ટાર્ગેટને હાંસલ કરવા માટે તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ફિસ્કલ ડેફિસીટને કાબુમાં રાખવા માટે અન્ય ઘણા પગલા લેવાઈ રહ્યા છે. સંસદમાં રજુ કરવામાં આવેલા મધ્યવર્ષીય આર્થિક નિરીક્ષણમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે, મોદી સરકાર વર્ષ ૨૦૧૬-૧૭ માટે જીડીપીના ૩ ટકા સુધી ફિસ્કલ ડેફિસીટને રાખવા માટે ઈચ્છુક છે. નવી રૂપરેખા વૈશ્વિક પરિસ્થિતિના અનુસંધાનમાં તૈયાર કરવામાં આવી રહી છે. ઓટો સેક્ટરમાં વધુ ધ્યાન અપાશે.

## આસામમાં બળવાખોરોની વિરુદ્ધ ઓપરેશન ઓલઆઉટની તૈયારી

ગુવાહાટી,તા. ૨૬

આસામમાં બોડો બળવાખોરો દ્વારા વ્યાપક હુમલા કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા હવે બોડો બળવાખોરો સામે મોટુ ઓપરેશન હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઓપરેશનનુ નામ ઓપરેશન ઓલ આઉટ રાખવામાં આવ્યું છે. આ ઓપરેશન શરૂ કરવાના સંબંધમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે સેના પ્રમુખ દલબીરસિંહ સુહાગ સાથે વાતચીત કરી છે. વાતચીત બાદ દલબીર સિંહે કહ્યું છે કે ચોક્કસપણે અમે મોટુ ઓપરેશન હાથ ધરવા જઈ રહ્યા છીએ. રાજ્યમાં બોડો બળવાખોરોનો સફાયો કરવાનો હેતુ આની પાછળ રહેલો છે. દરમિયાન બોડો હુમલામાં મોતનો આંકડો આજે વધીને ૮૫ ઉપર પહોંચી ગયો હતો. બોડો બળવાખોરો અગાઉ પણ અનેક હત્યાકાંડને અંજામ આપી ચુક્યા છે. બોડો બળવાખોરો સામે કેન્દ્ર હવે લાલ આંખ કરનાર છે. આસામના કોકરાઝાર અને સોનિતપુર જિલ્લામાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ (એનડીએફબી)ના બોડો બળવાખારો દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં મોતનો આંકડો આજે વધીને ૮૫ ઉપર પહોંચી ગયો છે.માર્યા ગયેલાઓમાં ૨૧ મહિલા અને ૧૮ બાળકો પણ સામેલ છે. દરમિયાન આસામના ચાર જિલ્લાઓમાં સંચારબંધી યથાવત રાખવામાં આવી છે. જેમાં સોનીતપુર, ચિરાંગ, કોકરાઝાડનો સમાવેશ થાય છે. પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હુમલાના મામલે એનઆઈએ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આસામના મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈ દ્વારા હિંસાના મામલે તપાસ એનઆઈએ મારફતે કરવામાં આવ્યા બાદ તપાસ શરૂ કરાઈ છે. આર્મીને હિંસાગ્રસ્ત વિસ્તારોમાં યથાવતરીતે રાખવામાં આવી છે.સોનિતપુર જિલ્લામાં ચાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. આ બળવાખોરોએ અંધાધુંધ ગોળીબાર કરીને લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. બળવાખોરોએ આદિવાસી સમુદાયને ટાર્ગેટ બનાવીને આ હુમલો કર્યો હતો. આ હત્યાકાંડ બાદ સમગ્ર આસામમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. અર્ધલશ્કરી દળની વધારાની ટુકડી એઅસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરવામાં આવેલી છે. ગૃહપ્રધાન રાજનાથસિંહ માર્યા ગયેલા આદિવાસીઓના પરિવારના સભ્યોને પણ મળ્યા છે. તેઓએ બળવાખોરો સામે કઠોર પગલા લેવાની ખાતરી આપી છે.